# રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે દ્વારા વોર્ડ નં. ૧ થી ૬માં સંગઠનલક્ષી વિસ્તૃત પ્રવાસ યોજાયો

## કાર્યકર્તાઓ સાથે બેઠકો અને પ્રજાભિમુખ કાર્યો અંગે સમીક્ષા કરાઈ



રાજકોટ:

ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગરના સંગઠનને વધુ મજબૂત, ગતિશીલ અને સક્રિય બનાવવાના ઉદ્દેશ્ય સાથે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે દ્વારા શહેરના વોર્ડ નં. ૧ થી ૬ નો સંગઠનલક્ષી પ્રવાસ (વોર્ડ યાત્રા) સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રવાસ દરમિયાન શહેર પ્રમુખશ્રી ડૉ. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ વિવિધ વોર્ડના હોદ્દેદારો, વોર્ડ પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, તથા સ્થાનિક ક્ષેત્રના કાર્યકર્તાઓ સાથે સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ સંગઠનલક્ષી કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરી હતી.આ પ્રવાસ દરમ્યાન વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડૉ.માધવ દવેએ સંગઠનનું સુદ્રઢીકરણ કરવામા માટે વોર્ડ સ્તરે બૂથ સમિતિઓ અને સ્થાનિક ટીમની કાર્યશૈલી વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાનું પ્રસારણ થાય અને આ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે કાર્યકર્તાઓને સક્રિય રહેવા હાકલ કરી. સ્થાનિક પ્રશ્નોની અંગે ઉપસ્થિત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ સાથે દરેક વોર્ડના સ્થાનિક વિસ્તારોના વિકાસકામો અને નાગરિકોની રજૂઆતો અંગે ગંભીરતાપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી. વોર્ડ નં. ૧ થી ૬ ના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા શહેર પ્રમુખશ્રીનું ખેસ પહેરાવી તેમજ પુષ્પગુચ્છ આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે ડૉ. માધવ દવેએ વધુમાં જણાવ્યુ હતું કે, ભારતીય જનતા પાર્ટીની ખરી તાકાત તેના સમર્પિત અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ છે. વોર્ડ સ્તરે થઈ રહેલા કાર્યોથી જ સંગઠનની પાયાની ઈમારત મજબૂત બને છે આ પ્રવાસ દરમિયાન વિવિધ વોર્ડના પ્રભારી, વોર્ડ પ્રમુખ, મહામંત્રી સહિત વોર્ડના કોર્પોરેટરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટર. સ્કૂલ ખાતે 'ગ્રીન ડે'ની ઉજવણી કરાઈ

રાજકોટ,

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા 'એક પેડ મા કે નામ' અને 'ગ્રીન ડે' ની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ જતન અને સંવર્ધન પ્રત્યે જાગરૂકતા કેળવવાના ઉમદા હેતુથી આજે 'એક પેડ માઁ કે નામ' અભિયાન તેમજ 'ગ્રીન ડે' ની અત્યંત ઉત્સાહભેર અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, પર્યાવરણનું રક્ષણ અને પોતાની માતા પ્રત્યે આદર-સન્માનની લાગણી કેળવવાનો હતો.વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ, વક્તૃત્વ સ્પર્ધા, વૃક્ષોનું મહત્વ સમજાવતું નાટક અને પર્યાવરણ સુરક્ષા અંગેની ક્વિઝ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક જનમંગલદાસજી સ્વામીએ પ્રસંગોચિત



પ્રવચનમાં સામેલ હતું.આ પ્રસંગે વિભાગીય હેડ ભૂમિબેન તન્ના ડિમ્પલબેન કલોલા તેમજ શિવમભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી.

# રાજકોટની વીવીપી એન્જી.કોલેજમાં એચઆર કોક્લેવનું આયોજન કરાયું




રાજકોટ,

સૌરાષ્ટ્રની સુપ્રસિધ્ધ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં જાજરમાન એચ આર કોક્લેવનું આયોજન થયું હતું. તેમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતભરના ૧૫૦થી પણ વધુ એચ આર મેનેજર્સ અને ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતાં.

આ પ્રસંગે ગોપાલ સ્નેક્સ લી.ના ફાઉન્ડર, ચેરમન અને માંનાજીંગ ડાયરેક્ટર બિપીનભાઈ હડવાણી, રીલાયન્સ જામનગરની રીફાઈનરીના લર્નીંગ સેન્ટર હેડ કુનાલભાઈ વ્યાસ, ન્યારા એનર્જીના વાઈસ પ્રેસિડેન્ટ અને હેડ એચ આર (રીફિનરી)ના જયભાઈ શાહ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના કમ્પ્લાયન્સ ઓફીસર સ્મિતભાઈ શુકલ, ઈમ્પ્રોવાઈઝડ ટેકનોલોજીસના સીટીઓ રક્ષિતભાઈ મેનપરા, કેવીટ ટેકનોલોજીસના કો-ફાઉન્ડર અને સીઈઓ હેમાંગભાઈ કોઠારી, વી.વી.પી.ના ટ્રસ્ટી ડો. નવિનભાઈ શેઠ, સંસ્થાના પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારા, ડિપ્લોમાં પ્રિન્સીપાલ પરેશભાઈ કોટક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મારવાડી યુનિ.માં ભારતની સૌથી મોટી રાષ્ટ્રીયસ્તરની બાયોલોજી હેકાથોનનું સફળ આયોજન

## ૨૪ રાજયોમાંથી ૩૯૦થી વધુ ટીમોની નોંધણી : ૧૨૫૮ સ્પર્ધકોએ ભાગ લીધો

રાજકોટ,

રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના બાયો ઈન્ફોર્મેટિક્સ વિભાગ દ્વારા ભારતની સૌથી મોટી રાષ્ટ્રીય સ્તરની બાયોલોજી હેકાથોન હેકાથોન ૨૦૨૬ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. . દેશભરની વિવિધ યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને સંશોધકોએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાના જ્ઞાન, સર્જનાત્મકતા તથા સમસ્યા ઉકેલવાની ક્ષમતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ હેકાથોનનો મુખ્ય હેતુ






જીવ વિજ્ઞાન ક્ષેત્રમાં નવીનતા, સંશોધન, ઉદ્યોગસાહસિકતા અને આંતરવિષયક સહયોગને પ્રોત્સાહન આપવાનો હતો. સાથે જ વિદ્યાર્થીઓને વાસ્તવિક સમસ્યાઓના વ્યવહારુ અને વૈજ્ઞાનિક ઉકેલો રજૂ કરવા માટે એક ઉત્તમ મંચ પૂરો પાડવાનો હતો.

આ સ્પર્ધામાં ભારતના ૨૪ રાજ્યોમાંથી ૩૯૦ થી વધુ ટીમોએ નોંધણી કરાવી હતી, જેમાં આશરે ૧,૨૫૮ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ તબક્કાના કડક મૂલ્યાંકન બાદ ૧૦૬ શ્રેષ્ઠ ટીમો ગ્રાન્ડ ફિનાલે માટે પસંદ કરવામાં આવી હતી. સ્પર્ધામાં હેલ્થકેર, કૃષિ તેમજ પર્યાવરણ અને જૈવવૈવિધ્યતા જેવા ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં નવીન અને સમાજોપયોગી પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા.ગ્રાન્ડ ફિનાલેની શરૂઆત ઉદ્ઘાટન સમારોહ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો.સી.એન. રામચંદ ઉપસ્થિત રહ્યા હતા.ષ્ટ અતિથિ તરીકે ડો. જયશંકર દાસ ઉપસ્થિત રહ્યા હતા, જયારે મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડો.) આર.બી.જાડેજાની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વિશેષ ગૌરવ અને પ્રતિષ્ઠા પ્રદાન કરી હતી.આ અવસરે મારવાડી યુનિવર્સિટીએ સાથે જીવવિજ્ઞાન અને બાયોટેકનોલોજી ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

# રાજકોટની મિરામ્બિકા શૈક્ષણીક સંકુલમાં ફાયર સેફ્ટી માર્ગદર્શન કેમ્પ યોજાયો



રાજકોટ,

રાજકોટની મિરામ્બિકા શૈક્ષણિક સંસ્થા અને મવડી ફાયર સ્ટેશનના સંયુકત ઉપક્રમે ધો.૧૧ તેમજ ધો.૧૨ના વિદ્યાર્થીઓને ફાયર સબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. મવડી ફાયર સ્ટેશનના ઓફીસર બોરૈયા તેમજ ફાયર મેન નરેશભાઈ દ્વારા ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ફાયર સંબંધિત બધી માહિતી આપી હતી.

તેમાં સંસ્થાના ૨૫થી વધુ સ્ટાફ ગણ પણ જોડાયો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી દિવ્યાબા જાડેજા પણ હાજર રહ્યા હતા.કાર્યક્રમને અંતે પ્રેકિટકલ માર્ગદર્શન પણ પુરૂ પાડયું હતુ.

# રવિવારે રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસો. દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

રાજકોટ, રાજકોટ ઈલેકટ્રોનિકસ ટ્રેડ એસોસીએશન દ્વારા આગામી તા.૨૬મીના રવિવારે સહજાનંદ વિલેજ, પાટીદાર ચોક, મવડી, કણકોટ રોડ, બીજો રીંગ રોડ ટચ-રાજકોટ ખાતે બપોરના ૪ વાગે સંસ્થાના પરિવારના સભ્યોના ધો.૧ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ છે.મંડળના પ્રમુખ મનોજભાઈ પરમાર,મુકેશભાઈ લુણાગરીયા, દિપકભાઈ ચોટલીયા, ભરતભાઈ મહેતા, મનસુખભાઈ નોજીદ્રા, જયેશભાઈ ભટ્ટ જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં આવકવેરા દિવસ નિમિતે વૃક્ષારોપણ



રાજકોટ,

૧૬૭મા આવકવેરા દિવસની ઉજવણીના અવસરે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભારતના સંદેશને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય આવકવેરા કમિશ્નર, રાજકોટ સતીશ કુમાર ગોયલના માર્ગદર્શન હેઠળ બાલ ભવન, રાજકોટના પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સતીશ કુમાર ગોયલ, મુખ્ય આવકવેરા કમિશ્નર, રાજકોટ. ડો. સુનીલ ગૌતમ, પ્રધાન આવકવેરા કમિશનર , રાજકોટ સાથે અન્ય ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ આમંત્રીત આઈ.ટી.પી. એસોસીએશન અને સી.એ. એસોસીએશનના હોદેદારોએ વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યું.

# રાજકોટના વોર્ડ નં.૧૮ના કોઠારીયામાં નવનિર્મિત આરોગ્ય કેન્દ્રની દંડક સહિતની ટીમે મુલાકાત લીધી



રાજકોટ,

રાજકોટના વોર્ડ નં. ૧૮માં આવેલ કોઠારીયા વિસ્તારમાં નવનિર્મિત શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રની પદાધિકારીઓએ મુલાકાત લઈ બાકી કામગીરી અને અન્ય આનુસંગિક વ્યવસ્થા સત્વરે પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ મુલાકાતમાં શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા, આરોગ્ય સમિતિના ચેરમેન ડો.રિંકલભાઈ મેઘાણી, વા.ચેરમેન ડો .શૈલેષભાઈ વસાણી, કોર્પોરેટર દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, સંજયભાઈ સગઠિયા, રમેશભાઈ કિયાડા, રાકેશભાઈ રાદડિયા, અધિકારીઓ વગેરે જોડાયા હતા.

# રાજકોટમાં સુન્ની મુસ્લિમ હાલાઈ ઘાંચી જમાતના નવા હોદેદારો વરાયા

રાજકોટ,

સુન્ની મુસ્લિમ હાલાઈ ઘાંચી જમાત ના જાહેરનામાં મુજબ નિયત સમયમાં મામદભાઈ દાઉદભાઈ અગવાન અને આમદભાઈ સીદીકભાઈ સલોતની પેનલ દ્વારા ઉમેદવારી કરવામાં આવી હતી. જેમાં આમદભાઈ સલોત ની પેનલે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા મામદભાઈ અગવાનની પેનલ બિનહરીફ થયેલ હતી.

બિનહરીફ થયેલ પેનલને વહીવટ સોંપવો કે નહિ તેના માટે જમાત દ્વારા મતદાન કરવું ફરજીયાત હતું. જેમાં કુલ ૪૬૭ મતદારો માંથી ૩૯૬ મતદારોએ મતદાન કરેલ હતું. જેમાંથી મામદભાઈ અગવાનની પેનલના સમર્થનમાં ૩૫૭ મતો પડેલ હતા. તેમજ ૨૮ મતો વિરોધમાં પડેલ હતા જયારે ૧૧ મતો અમાન્ય રહેલ હતા આથી મામદભાઈ અગવાનની પેનલનો ૩૨૯ મતે વિજય થયેલ હતો. વિજેતા પેનલમાં (૧) પ્રમુખ પદે મામદભાઈ અગવાન (૨) ઉપપ્રમુખ પદે અલીભાઈ મહમદભાઈ માડકીયા, (૩) સેક્રેટરી પદે મહમદઆરીફભાઈ વલીભાઈ ધોણીયા. (૪) ખજાનચી પદે મહમદભાઈ અલારખાભાઇ ભુવર તેમજ કારોબારી સભ્ય તરીકે (૫) સુભાનભાઈ આદમભાઈ વડગામા (૬) આસીફભાઇ કાદરભાઈ સલોત, (૭) યાકુબભાઈ જુસબભાઈ કલાડિયા, (૮) મહેબુબભાઈ અલારખાભાઇ પરમાર અને (૯) ઈમ્તિ યાઝભાઈ ગનીભાઈ કરગથરા સુન્ની મુસ્લિમ હાલાઈ ઘાંચી જમાત-રાજકોટના નવા હોદ્દેદારો તરીકે ચૂંટાયા છે

# કેશોદ ખાતે "રોજગાર કાર્ડ એનાયત કાર્યક્રમ" તથા "કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું

જૂનાગઢ, જૂનાગઢ જિલ્લાના યુવાઓને રોજગાર અને કારકિર્દીને લગત માર્ગદર્શન ઘર આંગણે જ મળી રહે તે માટે જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી સતત કાર્યરત છે. જિલ્લાનાં યુવાઓ પોતાની નોંધણી થકી રોજગાર કચેરીની જુદી જુદી સેવાઓનો લાભ મેળવી શકે છે.

જે અંતર્ગત તાજેતરમાં યુ.કે.વાછાણી મહિલા કોલેજ- કેશોદ ખાતે જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ દ્વારા વિધાર્થીઓ માટે "રોજગાર કાર્ડ એનાયત કાર્યક્રમ અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમિનાર" યોજાયો હતો. જેમાં શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓમાં વિધાર્થીઓ, તાલીમાર્થીઓ પાસેથી દસ્તાવેજો મેળવી રોજગાર કચેરી ખાતે નામ નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ રોજગાર કાર્ડ તૈયાર થતા જે તે સંસ્થાઓમાં રોજગાર કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. તે દરમ્યાન વિધાર્થીઓના નામ નોંધણી રીન્યુઅલ અને અપડેટેશન વિષે માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓ જેવી કે, ઔદ્યોગિક ભરતી મેળા, કારકિર્દી માર્ગદર્શન, આર્મી નિવાસી તાલીમ, સ્વરોજગાર શિબિર, સેમિનાર, કાઉસેલીંગ વગેરે વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કરાયા હતા.

આ નામ નોંધણી કેમ્પ માટે કચેરીના કાઉન્સેલર શ્રી વી.ટી.પાચાલીયા અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન સેમિનાર માટે શ્રી એસ.ડી.યાદવ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા રોજગાર અધિકારી શ્રી ડી.એ.પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

વેરાવળ,સમગ્ર રાજયભરમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત મોટાભાગના સ્થળોએ વરસાદ પડ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, ડાંગ, તાપી, ભરુચ અને નર્મદા જિલ્લાઓમાં અમુક સ્થળોએ ભારે વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગે તા. ૨૪ જુલાઈ થી તા. ૩૦ જુલાઈ સુધી ગીર સોમનાથ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર ગઈકાલે ઉત્તર મધ્યપ્રદેશના મધ્ય ભાગો પર સરેરાશ દરિયાઈ સપાટીથી ૭.૬ કિ.મી સુધી વિસ્તરેલું ઉપલા હવાનું ચક્રવાત પરિભ્રમણ પૂર્વ-પશ્ચિમ શિયર ઝોનમાં ભળી ગયું છે.

જેથી આગામી સાત દિવસ સુધી ગીર સોમનાથ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વીજળી અને ૩૦ થી ૪૦ કિ.મી/કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે હળવી મેઘગર્જના અને હળવાથી મધ્યમ વરસાદની પ્રબળ શક્યતા વ્યકત કરવામાં આવી છે.

# પૂનઃ દે ધનાધનઃઅમરેલી જિલ્લામાં ભારે વરસાદથી નદીઓ ગાંડીતુર, અનેક માર્ગો બંધ,લાઠી પંથકમાં પુરમાં તણાતા બેના મોત

## લીલીયા, બગસરા, વડિયા, સાવરકુંડલા સહિતનાં વિસ્તારોમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત






(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ

અમરેલી જિલ્લામાં શરૂ થયેલા સતત અને ભારે વરસાદે જનજીવનને વ્યાપક અસર પહોંચાડી છે. અનેક તાલુકાઓમાં નદીઓ બે કાંઠે વહેતી થઈ છે, કોઝવે અને પુલો ઉપર પાણી ફરી વળતાં રાષ્ટ્રીય અનેક રાજય ધોરીમાર્ગો સહિત અનેક આંતરિક માર્ગો બંધ થઈ ગયા છે. અનેક સ્થળોએ વાહનવ્યવહાર ખોરવાતા વાહનચાલકો કલાકો સુધી અટવાઈ ગયા હતા, જયારે ખેડૂતોમાં સારા વરસાદથી ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

અમરેલી જિલ્લામાં ગત આખી રાત વરસેલા ભારે વરસાદના કારણે સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવે પર મોટા ગોખરવાળા ગામ નજીક આવેલા કોઝવે ઉપર વરસાદી પાણી ફરી વળતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. સતત બે કલાકથી વધુ સમય સુધી વાહનોની અવરજવર ઠપ્પ રહેતાં હાઈવેની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

લીલીયા પંથકમાં પણ મેઘરાજાએ જોરદાર મહેર વરસાવી હતી. ગ્રામ્યવિસ્તારોમાં પડેલા વરસાદના પગલે લીલીયા શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાં નવા નીરની આવક થતાં નદી વહેતી થઈ હતી. નદી કાંઠાના દુકાનદારોને પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરવો પડયો હતો.

લાઠી તાલુકામાં આખી રાત વરસેલા વરસાદના કારણે મતીરાળા, કેરાળા, માલવિયા પીપરીયા સહિતના ગામોમાં સારો વરસાદ નોંધાયો હતો. મતીરાળાની સ્થાનિક નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જયારે ગ્રામ્ય વિસ્તારોમાં નદી-નાળાઓ છલકાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અમરેલી તાલુકાના પાણીયા ગામમાં વરસાદી પાણી શેરીઓમાં ફરી વળતાં ગામની ગલીઓ નદીમાં ફેરવાઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. પાણીયા ગામ નજીક સ્ટેટ હાઈવે ઉપર પાણી ફરી વળતાં અમરેલી-બગસરા માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. બીજી તરફ બગસરા તાલુકાના ખારી ખીજડીયા ગામ પાસે ફુલઝર નદીમાં પૂર આવતાં પુલ ઉપરથી પાણી ફરી વળ્યું હતું. જેના કારણે ખારીથી ખીજડીયા, કેરાળા, જાળિયા અને અમરેલી તરફ જતો માર્ગ પણ બંધ થઈ જતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

વડિયા પંથકમાં સાંકરોળી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. વડિયા નજીક આવેલા સાંકરોળી ડેમમાં નવા નીરની નોંધપાત્ર આવક થતાં પાણીની સપાટી ૨૬ ફૂટની કુલ ક્ષમતાની સામે ૧૭ ફૂટ સુધી પહોંચી હોવાનુંજાણવા મળ્યું છે. ચુડા, ઢોળવા અને સાંકરોળા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ચેકડેમો છલકાયા હતા અને નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી.

જિલ્લાભરમાં વરસાદી માહોલ વચ્ચે અનેક માર્ગો પર પાણી ફરી વળતાં વાહન વ્યવહાર પ્રભાવિત થયો છે. વહીવટી તંત્ર દ્વારા નદી-કોઝવે અને પુલ ઉપરથી પસાર ન થવા તેમજ જરૂરી સાવચેતી રાખવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે.



### લાઠી પંથકમાં પાણીમાં તણાઈ જવાથી એક બાળકી અને એક યુવકનું મોત થયુ

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં ભારે વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિ વચ્ચે વધુ એક દુઃખદ ઘટના સામે આવી છે. ગઈકાલે સવારે લાઠીના માલવિયા પીપરિયા ગામ નજીક ત્રણ વર્ષની બાળકીનાં ડૂબી જવાથી થયેલા મોત બાદ હવે કૃષ્ણગઢ ગામ નજીકથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા સમગ્ર લાઠી પંથકમાં શોકની લાગણી પ્રસરી છે.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં વરસી રહેલા વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે વધુ એક મોતની ઘટના પ્રકાશમાં આવી છે. કૃષ્ણગઢ ગામ નજીક વરસાદના પાણી ભરાયેલા વિસ્તારમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્ર અને બચાવ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાણીમાંથી મૃતદેહને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

બાદમાં યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી માટે લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી અને તંત્ર દ્વારા તેની ઓળખ મેળવવા તેમજ સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે સવારે લાઠી તાલુકાના માલવિયા પીપરિયા ગામ નજીક પાણીના વોકળામાં ડૂબી જવાથી ત્રણ વર્ષની માસૂમ બાળકીનું કરૂણ મોત નિપજયું હતું. આ બીજી દુઃખદ ઘટનાએ સમગ્ર લાઠી પંથકમાં ગમગીનીનો માહોલ સર્જ્યો છે.

### અમરેલીનાં દેવભૂમિ દેવળીયામાં ૮ ઈંચ જેટલા વરસાદથી ખુશીનો માહોલ

દેવભૂમી દેવળીયા ગઈકાલ સવારથી આજરોજ ૮ વાગ્યા સુધીનો પોણા પાંચ ઈંચ વરસાદ બાદ ફરી શરૂ થયેલ વરસાદ ૧૦:૩૦ વાગ્યા સુધીમા વધુ ૩ ત્રણ ઈંચ ખાબકતા પોણા આઠ ઈંચ વરસાદ નોંધાયેલ છે જેના કારણે ચાદગઢના રસ્તે આવેલ તળાવ નંબર.૧ ગાયકવાડી ત્રેવીસ વિધાનુ છલોછલ રાજસ્થળીના રસ્તે તળાવ નંબર ૨ ગાયકવાડી ૨૨ વિધાનુ છલોછલ ભરાઈ ગયુ તેમજ ૧૩ નાના મોટા ચેકડેમો છલકાઈ ગયા છે આઠ ઈંચ વરસાદ છતા જરાપણ નુકસાન નથી મંત્રી કૌશિકભાઈ વેકરીયા સતત ફોન કરી સંપર્કમા રહી પરિસ્થિતિની પૃચ્છા કર્તા રહ્યા હતા તેમના પ્રયત્નો થકી તળાવ ચેકડેમ ઉડા ઉતારવામા આવેલ ચેકડેમો તળાવો સતત બીજીવાર છલકાઈ ગયા છે પ્રકૃતિ ખીલી ઊઠી છે ખેડુતોખુશખુશાલ કૌશિકભાઈ અને સરકારનો ખુબ ખુબ આભાર.

### જૂના સાવર ગામ પાસે શેત્રુંજીનાં ધસમસતા પ્રવાહમાં છકડો રિક્ષા પાણીમાં ગરક

સાવરકુંડલા તાલુકાનાં જુનાસાવર ગામે ભારે વરસાદને પગલે શેત્રુંજી અને શેલ નદીનાં પાણીફરી વળતાં સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. નદીના પાણી સ્ટેટ હાઈવે પર ફરી વળતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.

આ દરમિયાન જુનાસાવર ગામ નજીક પાણીનાં ધસમસતા પ્રવાહમાં એક છકડો રિક્ષા પાણીમાં ગરકાવ થઈ ગયેલ હતી. આ રિક્ષામાં સવાર ત્રણ વ્યક્તિતઓ પાણી વચ્ચે ફસાઈ જતાં ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જુનાસાવર ગામનાં આગેવાનો, પૂર્વ સાવરકુંડલા તાલુકા પ્રમુખનાં પ્રતિનિધિ મનુભાઈ ડાવરા તથા સ્થાનિક લોકો તાત્કાલિક ટ્રેકટર સાથે સ્થળ પર દોડી આવ્યા હતા.

સ્થાનિકોની બહાદુરી અને સમયસૂચકતાથી ટ્રેકટરની મદદ વડે રિક્ષામાં ફસાયેલા ત્રણેય લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ પાણીમાં ગરકાવ થયેલી છકડો રિક્ષાને પણ ટ્રેકટરની મદદથી બહાર કાઢવામાં આવી હતી. સમયસર કરવામાં આવેલા રેસ્કયુ ઓપરેશનનાં કારણે મોટી દુર્ઘટનાં ટળી હતી.

અમરેલી જિલ્લામાં એક વખત ફરી ધરતી ધ્રુજતાં લોકોમાં ક્ષણિક ભયનો માહોલ સર્જાયો હતો. હાલ ભર ચોમાસાના વરસાદી વાતાવરણ વચ્ચે પણ આજે સવારે ખાંભા ગીર પંથકના જીકીયાળી અને વાંકિયા ગામ વચ્ચે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી.

# યુવાનોનાં આક્રોશને "દેશ વિરોધી" ગણાવવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી

## જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે યુવાનોની મદદ માટે મેસેજ વાયરલ કર્યો



(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે પરીક્ષા રદ થવા મામલે આંદોલન કરી રહેલ યુવાનોનાં સમર્થનમાં સોશ્યલ મીડિયા મારફત એક સમર્થન આપતો સંદેશ વાયરલ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, રાષ્ટ્ર માટે આનાથી મોટી કરૂણતા બીજી કોઈ હોઈ શકે નહી કે જયારે સમાજ પોતાના જ યુવાનોની પીડા અને વેદના અનુભવી શકવામાં નિષ્ફળ જાય છે.

ત્યાયની માંગણી કરતા આક્રોશિત યુવાનો ભભદેશદ્રોહીભભ નથી. સમાન અને ન્યાયસંગત તકની માંગ કરતો યુવાન દેશ માટે ખતરો કેમ કહેવા? ખતરો તો એવી વ્યવસ્થાથી છે જે બેઈમાનીને પ્રોત્સાહન આપે છે અને લાયકાતને સજા કરે છે. યુવાનોના આક્રોશને ભભદેશ વિરોધીભભ ગણાવવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી-તે માત્ર સમાજમાં વિભાજન અને અવિશ્વાસ વધારે છે.

દરેક પેપર લીધ વર્ષોની મહેનત અને અસંખ્ય અધૂરા સપનાઓ પર પાણી ફેરવી દે છે. દરેક રદ થયેલી પરીક્ષા નીચે મહિનાઓ કે વર્ષોની તપસ્યા, આશાઓ અને અથાગ પરિશ્રમ દટાયેલા હોય છે. જયારે પરીક્ષાની પવિત્રતા અને વિશ્વસનીયતાનું રક્ષણ કરવામાં જવાબદાર લોકો નિષ્ફળ જાય છે,ત્યારે તેઓ માત્ર એક પરીક્ષામાં નહીં, પરંતુ આખી જનરેશન સામે નિષ્ફળ જાય છે.

વારંવાર થતાં પેપર લીક અને પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા કોઈ એકલદોકલ ઘટના નથી, તે આપણા સમાજમાં સતત ઘસાતા જતા નૈતિક મૂલ્યોના પતનની નિશાની છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર એક મંત્રીના રાજીનામાથી કે કોઈ એક વ્યકિતને બલિનો બકરો બનાવવાથી આવવાનો નથી.

આપણી સાચી લડાઈ બેઈમાની, ભ્રષ્ટાચાર અને નૈતિક અધોગતિ સામે હોવી ઘટે. જયાં સુધી આપણે શિક્ષણ, આરોગ્ય સહિતના જીવનના દરેક ક્ષેત્રમાં અન્યાય અને અપ્રમાણિકતાનો સામૂહિક વિરોધ નહી કરીએ, ત્યાં સુધી આવી ઘટનાઓ લાયક લોકોને અન્યાય કરતી રહેશે.

રાષ્ટ્રની સાચી તાકાત પોતાના યુવાનોનો અવાજ દબાવવામાં નથી, પરંતુ તેમની વાત સાંભળવામાં, તેમનો વિશ્વાસ પૂનઃ સ્થાપિત કરવામાં અને એવી વ્યવસ્થા ઉભી કરવામાં છે જયાં અપ્રમાણિકતા, લાગવગ કે વંશવાદને નહીં, પરંતુ મેરીટ અને મહેનતને સ્થાન મળે.






# અમરેલી જિલ્લામાં "વંદે ભારત" ટ્રેનને બે સ્ટેશન ઉપર સ્ટોપ આપો

## જિલ્લાની જનતાની સુવિધા વધારો,કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરાની રજુઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારતીય રેલવેના આધુનિકીકરણ, ગતિ અને યાત્રી સુવિધાના ક્ષેત્રે દેશ નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યો છે. આત્મનિર્ભર ભારતની ક્ષમતા અને નવા ભારતની પ્રગતિનું પ્રતીક બનેલી વંદે ભારત એક્સપ્રેસ દ્વારા દેશના વિવિધ વિસ્તારોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાસભર રેલસંપર્ક ઉપલબ્ધ થઈ રહ્યો છે.ટ્રેન નંબર ૨૬૯૦૧/૨૬૯૦૨ સાબરમતી- વેરાવળ વંદે ભારત એક્સપ્રેસને ગાંધીગ્રામ, બોટાદ, ઢસા,જેતલસર, જૂનાગઢના સુધારેલા રૂટ પરથી ચલાવવાના કેન્દ્રીય રેલવે મંત્રાલયના નિર્ણયને હું આવકારૂં છું. આ જનહિતકારી નિર્ણય બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પ્રત્યે હાર્દિક આભાર વ્યકત કરૂં છું. તેમ કિસાન મોરચો ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાએ જણાવ્યું છે.આ સુધારેલા રૂટથી અમદાવાદ અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ વચ્ચેની રેલ કનેકિટવિટી વધુ ઝડપીઅને સુવિધાસભર બનશે. નવી રેલસેવા દ્વારા વેપાર, શિક્ષણ, આરોગ્ય, પ્રવાસન અને તીર્થયાત્રાના ક્ષેત્રે પણ નાગરિકોને નોંધપાત્ર લાભ મળશે. સાબરમતી - વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ અમરેલી જિલ્લાના લાઠી, ચિતલ, મોટી કુંકાવાવ અને વડિયા એમ ચાર રેલવે સ્ટેશનો પરથી પસાર થવાની છે. તેમ છતાં, હાલમાં જાહેર કરવામાં આવેલા સ્ટોપેજમાં અમરેલી જિલ્લાના એકપણ રેલવેસ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો નથી.વંદે ભારત એક્સપ્રેસ અમરેલી જિલ્લાની ભૂમિ પરથી અને જિલ્લાના ચાર રેલવે સ્ટેશનો પરથી પસાર થતી હોય ત્યારે અમરેલી જિલ્લાના નાગરિકોને પણ આ આધુનિક રેલસેવાનો સીધો લાભ મળે તે સ્વાભાવિક, ન્યાયસંગત અને લોકહિતકારી અપેક્ષા છે.પશ્ચિમ રેલવેની ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી -રચગહહના સભ્ય તથા ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે મેં અમરેલી જિલ્લાના વ્યાપક જનહિતને ધ્યાનમાં રાખીને લાઠી,



ચિતલ, મોટી કુંકાવાવ અને વડિયા એમ ચાર પૈકી ઓછામાં ઓછા બે યોગ્ય રેલવે સ્ટેશનો પર વંદે ભારત એક્સપ્રેસને બંને દિશામાં નિયમિત વાણિજિયક સ્ટોપેજ આપવા માટે કેન્દ્રીય રેલવે મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરી છે.અમરેલી જિલ્લો કૃષિ, પશુપાલન, નાના અને મધ્યમ વેપાર, ગ્રામોદ્યોગ તથા શ્રમશકિતની દૃષ્ટિએ અત્યંત મહવપૂર્ણ જિલ્લો છે. જિલ્લાના મોટી સંખ્યામાં ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, દર્દીઓ, પ્રવાસીઓ અને તીર્થયાત્રીઓ નિયમિત રીતે અમદાવાદ, જૂનાગઢ, ગીરનાર, સોમનાથ અને વેરાવળ તરફ અવરજવર કરે છે.અમરેલી જિલ્લાના ચાર પૈકી ઓછામાં ઓછા બે સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવે તો જિલ્લાના વિવિધ તાલુકાઓ અને વિશાળ ગ્રામીણ વિસ્તારને વંદે ભારત જેવી ઝડપી અને આધુનિકરેલસેવાનો સીધો લાભ મળી શકે. આ સુવિધાથી મુસાફરોના સમયની બચત થશે, લાંબા અંતરની મુસાફરી વધુસુવિધાસભર બનશે તેમજ જિલ્લાના વેપાર, પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.આ સંબંધિત રજૂઆતની પ્રતિ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકને જરૂરી કાર્યવાહી માટે તથા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાને જરૂરી ભલામણ અને અનુસરણ માટે મોકલવામાં આવી છે.રેલવે મંત્રી અને પશ્ચિમ રેલવે અમરેલી જિલ્લાના નાગરિકો, ખેડૂતો અને ગ્રામીણ મુસાફરોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને ચાર પૈકી ઓછામાં ઓછા બે યોગ્ય રેલવે સ્ટેશનો પર વંદે ભારત એક્સપ્રેસના સ્ટોપેજ અંગે હકારાત્મક નિર્ણય લેશે. તેવી રજુઆત ભારતીય જનતાપાર્ટી કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખએ કરી છે.